# Union Minister Dr. Jitendra Singh releases India's Arctic Policy in New Delhi today
March 17, 2022

# કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં ભારતની આર્કટિક નીતિ બહાર પાડી
માર્ચ 17, 2022

**ભારતની આર્કટિક નીતિ દેશને ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવશ્યક ભૂમિકા ભજવશે જ્યાં આબોહવા પરિવર્તન જેવા માનવજાતના સૌથી મોટા પડકારોને સામૂહિક ઈચ્છા અને પ્રયત્નો દ્વારા સંબોધિત કરી શકાય છે, એમ ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું છે.**

**ભારતની આર્કટિક નીતિના અમલીકરણમાં નિષ્ણાતો, રિસર્ચ સમુદાય, વ્યવસાય અને ઉદ્યોગ સહિત બહુવિધ હિસ્સેદારો સામેલ થશે.**

**આર્કટિક ક્ષેત્ર સાથે ભારતનું જોડાણ સાતત્યપૂર્ણ અને બહુપરીમાણીય રહ્યું છે અને તેમાં એ બાબત પર ભાર મુકાયો છે કે તમામ માનવીય પ્રવૃત્તિઓ ટકાઉ, જવાબદાર, પારદર્શક અને આંતરરાષ્ટ્રીય કાયદાઓના આદર પર આધારિત હોવી જોઈએ.**

કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) વિજ્ઞાન અને ટેકનોલોજી; રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) પૃથ્વી વિજ્ઞાન; PMO, કર્મચારી, જાહેર ફરિયાદો, પેન્શન, અણુ ઊર્જા અને અવકાશના રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના મુખ્યાલયમાંથી 'ભારત અને આર્કટિક: ટકાઉ વિકાસ માટે ભાગીદારીનું નિર્માણ' નામે ભારતની આર્કટિક નીતિ બહાર પાડી હતી.

ભારતની આર્કટિક નીતિના મહત્વ પર ભાર મૂકતા ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ગર્વપૂર્વક આર્કટિકના વિવિધ પાસાઓ પર કામ કરતા દેશોના ચુનંદા જૂથમાં જોડાવા માટે આગળ વધ્યું છે.

ડૉ. સિંહે આર્કટિકના અભ્યાસમાં ભારતીય વૈજ્ઞાનિકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે ભારતની આર્કટિક નીતિ દેશને એવા ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવશ્યક ભૂમિકા ભજવશે જ્યાં આબોહવા પરિવર્તન જેવા માનવજાતના સૌથી મોટા પડકારોને સામૂહિક ઈચ્છાશક્તિ અને પ્રયત્નો દ્વારા ઉકેલી શકાય. ભારતની આર્કટિક નીતિનો અમલ એક્શન પ્લાન અને અસરકારક શાસન અને સમીક્ષા પદ્ધતિ દ્વારા કરવામાં આવશે જેમાં આંતર-મંત્રાલય એમ્પાવર્ડ આર્ક્ટિક પોલિસી ગ્રૂપ સામેલ છે. ભારતની આર્કટિક નીતિના અમલીકરણમાં નિષ્ણાતો, રિસર્ચ સમુદાય, વ્યવસાય અને ઉદ્યોગ સહિત બહુવિધ હિસ્સેદારો સામેલ થશે.

મંત્રીએ એ બાબતની નોંધ કરી હતી કે આર્કટિક સાથે ભારતનું જોડાણ એક સદી પહેલાનું છે, જ્યારે પેરિસમાં ફેબ્રુઆરી 1920માં 'સ્વાલબાર્ડ સંધિ' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને આજે ભારત આર્કટિક ક્ષેત્રમાં અનેક વૈજ્ઞાનિક અભ્યાસો અને સંશોધનો કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતીય સંશોધકો તેમના સમૂહ સંતુલન માટે આર્ક્ટિક ગ્લેશિયર્સનું નિરીક્ષણ કરી રહ્યા છે અને હિમાલય ક્ષેત્રના હિમનદીઓ સાથે તેમની તુલના કરી રહ્યા છે. ભારત આર્કટિક સમુદ્રશાસ્ત્ર, વાતાવરણ, પ્રદૂષણ અને માઈક્રોબાયોલોજી સંબંધિત અભ્યાસમાં પણ સક્રિયપણે સામેલ છે. ભારતમાં આર્કટિક સંશોધનમાં હાલમાં પચીસથી વધુ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સામેલ છે. 2007થી આર્કટિક મુદ્દાઓ પર લગભગ 100 સમીક્ષા પેપર પ્રકાશિત કરવામાં આવ્યા છે. આર્ક્ટિક કાઉન્સિલમાં તેર (13) રાષ્ટ્રો નિરીક્ષકો છે જેમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલિયન રિપબ્લિક, જાપાન, નેધરલેન્ડ, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના, પોલેન્ડ, ભારત, રિપબ્લિક ઓફ કોરિયા, સ્પેન, સ્વિટ્ઝર્લેન્ડ, યુનાઈટેડ કિંગડમ સામેલ છે. 2014 અને 2016માં, કોંગસ્ફજોર્ડનમાં ભારતની પ્રથમ મલ્ટિ-સેન્સર મૂર્ડ વેધશાળા અને ગ્રુવેબેડેટ, ન્યુ એલેસુન્ડમાં ઉત્તરીય વાતાવરણીય પ્રયોગશાળા, આર્ક્ટિક પ્રદેશમાં શરૂ કરવામાં આવી હતી. 2022 સુધીમાં ભારતે આર્કટિકમાં સફળતાપૂર્વક 13 અભિયાનો કર્યા છે.

'ભારત અને આર્કટિક: ટકાઉ વિકાસ માટે ભાગીદારીનું નિર્માણ' શીર્ષકવાળી ભારતની આર્કટિક નીતિ છ સ્તંભો રજુ કરે છે: ભારતના વૈજ્ઞાનિક સંશોધન અને સહકાર, આબોહવા અને પર્યાવરણીય સંરક્ષણ, આર્થિક અને માનવ વિકાસ, પરિવહન અને જોડાણ, શાસન અને આંતરરાષ્ટ્રીય સહકાર, અને રાષ્ટ્રીય આર્કટિક પ્રદેશમાં ક્ષમતા નિર્માણ. ભારતની

આર્કટિક નીતિના અમલીકરણમાં નિષ્ણાતોનો વર્ગ, રિસર્ચ સમુદાય, વ્યવસાય અને ઉદ્યોગ સહિત બહુવિધ હિસ્સેદારો સામેલ થશે.

આર્કટિકમાં ભારતનો મહત્વનો હિસ્સો છે. તે આર્ક્ટિક કાઉન્સિલમાં ઓબ્ઝર્વરનો દરજ્જો ધરાવતા 13 રાષ્ટ્રો પૈકી એક છે. તે એક ઉચ્ચ સ્તરીય આંતર-સરકારી મંચ છે જે આર્ક્ટિક સરકારો અને આર્કટિકના સ્થાનિક લોકો દ્વારા સામનો કરવામાં આવતા મુદ્દાઓને સંબોધિત કરે છે. આર્કટિક ક્ષેત્ર સાથે ભારતનું જોડાણ સતત અને બહુપરિમાણીય રહ્યું છે. ભારત જણાવે છે કે તમામ માનવ પ્રવૃત્તિ ટકાઉ, જવાબદાર, પારદર્શક અને આંતરરાષ્ટ્રીય કાયદાના આદર પર આધારિત હોવી જોઈએ.

ભારતની આર્કટિક નીતિનો હેતુ નીચેના એજન્ડાને પ્રોત્સાહન આપવાનો છે —

1. આર્કટિક પ્રદેશ સાથે વિજ્ઞાન અને સંશોધન, આબોહવા અને પર્યાવરણ સંરક્ષણ, દરિયાઈ અને આર્થિક સહયોગમાં રાષ્ટ્રીય ક્ષમતાઓ અને યોગ્યતાઓને મજબૂત બનાવવી. સરકારી અને શૈક્ષણિક, સંશોધન અને વ્યવસાયિક સંસ્થાઓમાં સંસ્થાકીય અને માનવ સંસાધન ક્ષમતાઓને મજબૂત બનાવવામાં આવશે.

2. આર્કટિકમાં ભારતના હિતોના અનુસંધાનમાં આંતર-મંત્રાલય સંકલન.

3. ભારતની આબોહવા, આર્થિક અને ઉર્જા સુરક્ષા પર આર્કટિકમાં આબોહવા પરિવર્તનની અસરની સમજ વધારવી.

4. વૈશ્વિક શિપિંગ માર્ગો, ઉર્જા સુરક્ષા અને ખનિજ સંપત્તિના શોષણને લગતા ભારતના આર્થિક, લશ્કરી અને વ્યૂહાત્મક હિતો પર આર્ક્ટિકમાં બરફ પીગળવાની અસરો પર સારા વિશ્લેષણમાં હિસ્સો આપવો. આ ઉપરાંત આગાહી અને સંકલિત નીતિનિર્માણમાં યોગદાન આપવું.

5. ધ્રુવીય પ્રદેશો અને હિમાલય વચ્ચેના જોડાણોનો અભ્યાસ કરવો.

6. વિવિધ આર્કટિક ફોરમ હેઠળ ભારત અને આર્કટિક ક્ષેત્રના દેશો વચ્ચે વૈજ્ઞાનિક અને પરંપરાગત જ્ઞાનની નિપુણતા

મેળવીને સહકારને વધુ ગાઢ બનાવવો.

7. આર્કટિક કાઉન્સિલમાં ભારતની ભાગીદારી વધારવી તથા આર્કટિકના જટિલ ગવર્નન્સ માળખા, સંબંધિત આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને પ્રદેશના ભૌગોલિક રાજકારણની સમજમાં સુધારો કરવો.

ભારતની આર્કટિક નીતિના અમલીકરણમાં નિષ્ણાતો, રિસર્ચ સમુદાય, વ્યવસાય અને ઉદ્યોગ સહિતના બહુવિધ હિસ્સેદારો સામેલ થશે. તે સમયરેખા વ્યાખ્યાયિત કરશે, પ્રવૃત્તિઓને પ્રાથમિકતા આપશે અને જરૂરી સંસાધનોની ફાળવણી કરશે. ગોવામાં અર્થસાયન્સ મંત્રાલય હેઠળની સ્વાયત્ત સંસ્થા નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ (NCPOR) એ ભારતના પોલર રિસર્ચ કાર્યક્રમ માટે નોડલ સંસ્થા છે, જેમાં આર્ક્ટિક સ્ટડીઝનો સમાવેશ થાય છે.

ભારતની આર્કટિક પોલિસી અર્થ સાયન્સિસ મંત્રાલય, ભારત સરકારની વેબસાઈટ (https://www.moes.gov.in) પર ઉપલબ્ધ છે.

**નવી દિલ્હી**
**માર્ચ 17, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.